એકમ 3

# જાહેર ખર્ચ : અર્થ, વર્ગીકરણ અને સિદ્ધાંતો

-: રૂપરેખા :-


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 જાહેર ખર્ચનો અર્થ

3.3 જાહેર ખર્ચનું વર્ગીકરણ

(અ) મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ

(બ) વિકાસ ખર્ચ અને બિનવિકાસ ખર્ચ

(ક) સંરક્ષણ ખર્ચ અને નાગરિક ખર્ચ

(ડ) સામાન્ય લાભ અને વિશિષ્ટ લાભનો ખર્ચ

(ઈ) ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ અને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચ

3.4 જાહેર ખર્ચના સિદ્ધાંતો

(અ) મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત

(બ) કરકસરનો સિદ્ધાંત

(ક) સંમતિનો સિદ્ધાંત

(ડ) ઉત્પાદકતાનો સિદ્ધાંત

(ઈ) સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત

(ફ) પુરાંતનો સિદ્ધાંત

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 3.0 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમનો અભ્યાસ નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

(1) જાહેર ખર્ચનો અર્થ અને વર્ગીકરણ તપાસવું

(2) જાહેર ખર્ચ કરતી વખતે ક્યાં સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવા પડે છે, તે સમજવું.

## 3.1 પ્રસ્તાવના :

19મી સદી સુધી માત્ર એવો ખ્યાલ હતો કે સરકાર ની જવાબદારી માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતી જ છે, પરંતુ 20મી સદી શરૂ થતાં જ આ ખ્યાલમાં મોટો બદલાવ આવ્યો. 1929માં વૈશ્વિક મહામંદી અને તેના પરિણામ સ્વરૂપે સરકારની આર્થિક પ્રવૃત્તિઓમાં સતત વધારો થવા લાગ્યો. જનસમાજનું કલ્યાણ એ કેન્દ્રસ્થાને આવતાં સરકારના ખર્ચમાં જંગી વધારો થવા લાગ્યો. લોકોનું મહત્તમ કલ્યાણ એ રાજ્યોની જવાબદારી બની ગઈ. આથી સરકારની નાણાવ્યવસ્થામાં જાહેર ખર્ચના વિભાગે અગત્યનું સ્થાન લઈ લીધું. રાષ્ટ્રીય અર્થવિધાનમાં જેટલું મહત્ત્વ આવકનાં સાધનોને આપવામાં આવે છે, તેટલું જ મહત્ત્વ જાહેરખર્ચની અસરો અને તેના અભ્યાસને આપવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં આપણે જાહેર ખર્ચ એટલે શું, તેના પ્રકારો, તેના વિવિધ સિદ્ધાંતો વિશે વિગતવાર અભ્યાસ કરીશું.

## 3.2 જાહેર ખર્ચનો અર્થ :

સામાન્ય રીતે વિચારીએ તો જાહેર ખર્ચ એ જાહેર સંસ્થાના સંદર્ભમાં વિચારવામાં આવે છે. તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારોના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે. સરકારના આ પ્રકારનો ખર્ચ લોકોના કલ્યાણમાં વધારો થાય એટલા માટે કરે છે. આમ, **જાહેર ખર્ચ એ સરકારી સત્તાના કોઈપણ અંગ દ્વારા કરવામાં આવતો ખર્ચ છે.** ટૂંકમાં કહીએ તો, જાહેર સત્તા અર્થતંત્રમાં જુદા જુદા ઉદ્દેશોની પ્રાપ્તિ માટે જાહેર ખર્ચ કરે છે. જેમાં નાગરિકોના રક્ષણ માટેનો ખર્ચ અને તેમના સામાજિક, આર્થિક કલ્યાણમાં વધારો કરવા માટેનો ખર્ચ પણ આવી જાય.

આ ઉપરાંત, બીજી દષ્ટિએ જોઈએ તો પણ, અર્થતંત્ર વિકસિત હોય કે વિકાસમાન, દરેક દેશ માટે જાહેર ખર્ચ અનિવાર્ય બન્યો છે. સરકાર સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, જાહેર શાંતિ, વિકાસનાં કાર્યો વગેરે બધા જ પ્રકારની લોકોની સામુદાયિક જરૂરિયાતો માટે મોટા પાયા પર જાહેર ખર્ચ કરે છે. આ ઉપરાંત, શ્રમિકોના કલ્યાણ માટે, આર્થિક અસમાનતા ઘટાડવા માટે, કુદરતી સંકટોના નિવારણાર્થે તથા સામાજિક સલામતી માટે મોટા પાયા પર સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવે છે.

- ભારતમાં જાહેર ખર્ચની સ્થિતિ :

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચની સ્થિતિ સમજવા માટે નીચે આપેલું કોષ્ટક-1 જોઈએ, જેમાં છેલ્લાં 50 વર્ષમાં કેન્દ્ર સરકારના કુલ ખર્ચમાં GDPના સંદર્ભમાં થયેલો ખર્ચ બતાવવામાં આવેલો છે. કોષ્ટક જોતાં કહી શકાય છે કે 1990ના દાયકા પછી ખાનગીકરણની નીતિ આપનાવ્યા પછી પણ સરકારનો ખર્ચ વધતો રહ્યો છે.

કોષ્ટક-1

| વર્ષ | ખર્ચનું પ્રમાણ GDPના % |
|---|---|
| 1970 | 14 |
| 1990 | 18 |
| 2000 | 15 |
| 2020 | 17.6 |

સ્ત્રોત : Various issyes of Indian Finance Statistics

કોષ્ટક - ૨ માં સરકારનો ખર્ચ એટલે કે જાહેર ખર્ચ નાણાંકીય સ્વરૂપમાં દર્શાવેલો છે.

કોષ્ટક-2 - કેન્દ્ર સરકારનો ખર્ચ નાણાકીય સ્વરૂપમાં

| વર્ષ | ખર્ચ ₹ કરોડમાં |
|---|---|
| 1950-51 | 503.7 |
| 1960-61 | 1,805.70 |
| 1970-71 | 5,576.7 |
| 1990-91 | 1,00,879 |
| 2000-01 | 3,13011 |
| 2010-11 | 11,87,898 |
| 2018-19 | 23,15,113 |

સ્ત્રોત : various issues of Indian Finance Statistics

## 3.3 જાહેર ખર્ચનું વર્ગીકરણ (પ્રકારો) :

વહીવટી સરળતા ખાતર જાહેર ખર્ચનું અનેક દૃષ્ટિએ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ જુદા જુદા દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને જાહેર ખર્ચને બે ભાગમાં વિભાજિત કરે છે.

(અ) મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ :-

સરકારના મહેસૂલી ખર્ચમાં મુખ્યત્વે સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, ન્યાય, કરવેરા ઉઘરાવવાનો ખર્ચ, સામાજિક કલ્યાણની યોજનાઓ પાછળનો ખર્ચ, દેવાના વ્યાજની ચૂકવણી તથા આકસ્મિક બાબતો માટેના ખર્ચને સમાવવામાં આવે છે.

જ્યારે સરકારના મૂડીખર્ચમાં ઉદ્યોગોના વિકાસ પાછળનો ખર્ચ, ખેતી વિકાસ, જાહેર બાંધકામો, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જેવી સેવાઓના વિકાસ પાછળના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

સામાન્ય રીતે, માલસામાન અને સેવાઓના ઉત્પાદનમાં વૃદ્ધિના પરિણામે આર્થિક વૃદ્ધિ થાય છે. ઉપભોક્તા ખર્ચમાં વધારો, આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો અને મૂડી ખર્ચમાં તેમના રોકાણમાં વધારો કરતા વ્યવસાયો અર્થતંત્રમાં માલસામાન અને સેવાઓના ઉત્પાદનના સ્તરને અસર કરી શકે છે.

ઉદાહરણ તરીકે, જેમ જેમ ગ્રાહકો વધુ મકાનો ખરીદે છે, મકાન બાંધકામ અને કોન્ટ્રાક્ટરોની આવકમાં વધારો જોવા મળે છે. જેમ જેમ કંપનીઓ તેમનાં ઉત્પાદનો અને સેવાઓને વિસ્તૃત કરવા માટે તેમના વ્યવસાયોમાં રોકાણ કરે છે, તેઓ વધુ કર્મચારીઓને નોકરીએ રાખે છે અને પગાર અથવા વેતનમાં વધારો કરે છે. આ તમામ પ્રવૃત્તિ આર્થિક વૃદ્ધિ તરફ દોરી જાય છે, જેને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) દ્વારા માપી શકાય છે.

મૂડીરોકાણ કર્યાવિના નવીનતા શક્ય નથી, જેમાં કુદરતી સંસાધનોના નવા ભંડારની શોધ અથવા તકનીકી પ્રગતિનો સમાવેશ થાય છે. મૂડીરોકાણ ત્યારે થાય છે, જ્યારે વ્યવસાયો

કેપિટલ ગુડ્સ ખરીદે છે, જે ઈમારતો, મશીનરી, સાધનો, વાહનો અને સાધનો જેવી મૂર્ત સંપત્તિ છે. આ મૂર્ત અસ્કયામતો પછી માલ અથવા સેવાઓના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાય છે. મૂડીરોકાણ એ કંપની માટે તેના વ્યાવસાયિક ઉદ્દેશ્યોને આગળ વધારવાનું એક માધ્યમ છે. મૂડીરોકાણો લાંબા ગાળાના રોકાણો છે, તેઓ કંપનીઓને ઉત્પાદન સુવિધાઓ ઉમેરીને અથવા સુધારીને અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરીને ઘણા વર્ષો સુધી આવક પેદા કરવાની મંજૂરી આપે છે. જ્યારે ધંધો કેપિટલ ગુડ્સમાં રોકાણ કરે છે ત્યારે તે આવકમાં તાત્કાલિક વધારો જોતો નથી.

મૂડીરોકાણમાં વધારો મૂડી માળખામાં વધુ સંશોધન અને વિકાસ નાં દ્વારા ખોલે છે. જો કોઈ કંપની નવાં ઉત્પાદનો અને સેવાઓને બજારમાં લઈ જવા માંગે છે, તો તેઓ સામાન્ય રીતે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓમાં નવીનતા લાવવા અને નવાં ઉત્પાદનો અને સેવાઓનો પરિચય આપવા અથવા તેમની હાલની તકોમાં સુધારો કરવા તરફના પ્રથમ પગલા તરીકે જોડાશે.

વધારાના અથવા સુધારેલા મૂડી માલનો હેતુ કંપનીઓને વધુ ઉત્પાદન અને કાર્યક્ષમ બનાવીને શ્રમ ઉત્પાદકતા વધારવાનો છે. નવાં સાધનો અથવા ફેક્ટરીઓ વધુ અને ઝડપી દરે ઉત્પાદનોનું ઉત્પાદન કરવા તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે, નવી ઉત્પાદન સુવિધા ઓછી વીજળીનો ઉપયોગ કરે છે, કારણ કે તે નવાં સાધનોનો ઉપયોગ કરે છે અને વધુ ઊર્જા-કાર્યક્ષમ હોય છે. પરિણામે, ઓછા ખર્ચે અને ઝડપી ટર્નઅરાઉન્ડ સમય સાથે વધુ ઉત્પાદનોનું ઉત્પાદન કરી શકાય છે. આ કંપનીના નફામાં વધારો કરી શકે છે. જેમ જેમ શ્રમ વધુ કાર્યક્ષમ બને છે તેમ, દેશભરમાં આ વધેલી કાર્યક્ષમતા સમગ્ર દેશની આર્થિક વૃદ્ધિ અને ઉચ્ચ રાષ્ટ્રવ્યાપી જીડીપી તરફ દોરી જાય છે.

(બ) વિકાસ ખર્ચ અને બિનવિકાસ ખર્ચ :-

આ પ્રકારના ખર્ચને બીજા શબ્દોમાં ઉત્પાદક ખર્ચ અને બિન ઉત્પાદક ખર્ચ પણ કહેવામાં આવે છે. જે ખર્ચ દ્વારા સરકાર વર્તમાન કે ભવિષ્યમાં કોઈપણ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરવા માંગતી હોય અને જેમાંથી સરકારને ભવિષ્યમાં વળતર પ્રાપ્ત થવાની ખાતરી હોય એવા પ્રકારના ખર્ચને ઉત્પાદક (વિકાસ) ખર્ચ કહેવામાં આવે છે. જેમ કે, ખેતી કે ઉદ્યોગોના વિકાસ માટે થતો ખર્ચ વિકાસ ખર્ચ ગણાવી શકાય, પરંતુ યુદ્ધ પાછળ કરવામાં આવતા ખર્ચ, દેવા પરના વ્યાજનો ખર્ચ વિ.ને બિન-વિકાસ વ્યાખ્યામાં મૂકવામાં આવે છે.

(ક) સંરક્ષણ ખર્ચ અને નાગરિક ખર્ચ :-

શ્રીમતી ઉર્સુલા હિક્સ દ્વારા કરવામાં આવેલું જાહેર ખર્ચનું વર્ગીકરણ જોઈએ તો જેમાં મૂડી સાધનો, રાજ્ય દ્વારા ચાલતાં કારખાનાંઓ, ધંધાકીય ખર્ચ, સૈનિકોનો પગાર વગેરેનો સમાવેશ થઈ જાય તેવા પ્રકારનો બધો જ ખર્ચ સંરક્ષણ ખર્ચ ગણાવી શકાય. વહીવટી ખર્ચ, કાયદો અને વ્યવસ્થા દ્વારા શાંતિ જાળવવા માટે કરવામાં આવતા ખર્ચને નાગરિક ખર્ચની વ્યાખ્યામાં મૂકવામાં આવે છે.

આ ઉપરાંત, શ્રીમતી હિક્સ દ્વારા વિકાસ ખર્ચનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા વિકાસ માટેના અન્ય જાહેર ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે. દા.ત. રસ્તાઓનું બાંધકામ, કેળવણી, તબીબી સેવાઓ વગેરે પાછળ થતો

ખર્ચ એ વિકાસ ખર્ચ કહી શકાય.

(ડ) સામાન્ય લાભ અને વિશિષ્ટ લાભનો ખર્ચ :-

ખર્ચનું આ પ્રકારનું વર્ગીકરણ લોકોને જાહેર ખર્ચના પરિણામે જે લાભ મળે છે, તેના આધારે કરવામાં આવે છે.

સામાન્ય લાભનો ખર્ચ એ એવા પ્રકારનો છે કે જેનો લાભ સમાજની દરેક વ્યક્તિને પ્રાપ્ત થાય છે. પરંતુ અમુક પ્રકારના ખર્ચને પરિણામે જાહેર ખર્ચનો લાભ જો કોઈ એક વિશિષ્ટ કે ખાસ વર્ગના લોકોને જ મળતો હોય તો તેવા પ્રકારના ખર્ચને વિશિષ્ટ લાભનો ખર્ચ કહેવામાં આવે છે. દા.ત. શ્રમિકોના હિતને ધ્યાનમાં લઈને કરવામાં આવેલ ખર્ચ.

(ઈ) ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ અને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચ :-

આ પ્રકારના ખર્ચમાં રાજ્ય પોતે જ ઉત્પાદનનાં સાધનોની ખરીદી કરે છે અને તે પછી તેનો ઉપયોગ કરે છે. દા.ત. ભારતમાં પંચવર્ષીય યોજનાઓ માટે કરવામાં આવતો ખર્ચ એ ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કરનાર ખર્ચ ગણી શકાય. જ્યારે ઉત્પાદન સાધનોની હેરફેર કરવા માટે જે ખર્ચ કરવામાં આવે છે તેને ઉત્પાદનનાં સાધનોની ફેરબદલી કરનાર ખર્ચમાં સમાવી શકાય.

## 3.4 જાહેર ખર્ચના સિદ્ધાંતો :

આપણે જોયું કે 20મી સદીમાં દુનિયાના મોટાભાગના દેશોમાં કલ્યાણ રાજ્યનો આદર્શ સ્વીકારાયો અને તે અંતર્ગત રાજ્યના જાહેર ખર્ચમાં સતત વધારો થવાનું વલણ જણાયું. જાહેર ખર્ચમાં વધારો થવા માટેનાં જવાબદાર પરિબળો જોઈએ તો, ક્લ્યાણ રાજ્યનો આદર્શ તો ખરો જ, આ ઉપરાંત, યુદ્ધ અને સંરક્ષણ ખર્ચ, આર્થિક વિકાસ, મંદી અને આર્થિક અસમાનતા ઘટાડવાનો હેતુ, વસ્તી વધારો અને શહેરીકરણ, લોકશાહી સંસ્થાઓનો વિકાસ, સામાજિક ઉત્થાન, પછાત દેશોના વિકાસમાં સહયોગ જાહેર સત્તાની કાર્યક્ષમતામાં વધારો, વગેરેને ગણાવી શકાય. જાહેર ખર્ચના આ બધા જ હેતુઓને સિદ્ધ કરવા માટે સરકાર દ્વારા જે જાહેર ખર્ચ કરવામાં આવે છે તે ક્યાં સિદ્ધાંતોને આધારે તથા ક્યારે અને કેટલો ખર્ચ કરવો ફાયદાકારક છે તે અંગેનું માર્ગદર્શન આપતા સિદ્ધાંતોને જાહેર ખર્ચના સિદ્ધાંતો તરીકે ઓળખવામાં આવે છે. જાહેર ખર્ચના જે સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે તેમાં ફીંડલે શિરાજ નામના અર્થશાસ્ત્રીનો મોટો ફાળો છે. હવે આપણે જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતોને તપાસીએ.

(અ) મહત્તમ સામાજિક લાભનો સિદ્ધાંત :-

જાહેર વિત્તવ્યવસ્થા નાગરિકો અને સરકાર (રાજ્ય) વચ્ચે ખરીદશક્તિની ફેરબદલી કરે છે. આ ફેરબદલી એવી રીતે થવી જોઈએ કે, જેને કારણે સમગ્ર સમાજનું કલ્યાણ મહત્તમ થાય. જાહેર ખર્ચમાં આ સિદ્ધાંતને મહત્તમ સામાજિક કલ્યાણના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. મહત્તમ સામાજિક લાભનો આ સિદ્ધાંત એવું પ્રતિપાદિત કરે છે કે, સરકારે તેનો જાહેર ખર્ચ એવી રીતે કરવો જોઈએ કે, જેના પરિણામે લોકોને મહત્તમ સામાજિક લાભ પ્રાપ્ત થાય. આ માટે જુદાં જુદાં કાર્યો પાછળ ખર્ચવામાં આવતી રકમ એવી રીતે ખર્ચાવી જોઈએ કે જેથી કરીને સીમાંત સામાજિક લાભ અને સીમાંત સામાજિક ત્યાગ સમાન થઈ રહે. ટૂંકમાં કહીએ તો, આ સિદ્ધાંત સમ-સીમાંત તુષ્ટિગુણના નિયમ પર આધારિત છે. વપરાશના ક્ષેત્રમાં ઉપભોક્તા

જેવી રીતે પોતાની મર્યાદિત આવકમાંથી મહત્તમ લાભ મેળવવા માટે સમ-સીમાંત તુષ્ટિગુણનો નિયમ અપનાવે છે, તેવી જ રીતે આ નિયમનો ઉપયોગ જાહેર ખર્ચ કરતી વખતે સરકાર કરી શકે. બીજા શબ્દોમાં કહીએ તો, સરકાર દ્વારા જે જાહેર ખર્ચ કરવામાં આવે છે તે સમાજના લોકો પાસેથી જ કરવેરાના સ્વરૂપમાં એકત્રિત કરેલો હોય છે. અને કર ભરનાર વ્યક્તિ કર ભરવાથી જે ભોગ આપવો પડે છે તેને જાહેર ખર્ચ કરતી વખતે સરકારે ધ્યાનમાં રાખવો જોઈએ, એવું આ સિદ્ધાંતમાંથી પ્રતિપાદિત થાય છે.

(બ) કરકસરનો સિદ્ધાંત :-

કરકસરના આ સિદ્ધાંત પ્રમાણે સરકારે જાહેર ખર્ચ કરવામાં કરકસર કરવી જોઈએ એવું જણાવે છે. કરકસર એટલે એવું નહીં કે, સરકારે જરૂરી ખર્ચાઓ ના કરવા, પણ બિનજરૂરી અને અયોગ્ય ખર્ચાઓ ઉપર કાપ મૂકવો જોઈએ કે બિલકુલ ના કરવા જોઈએ. સરકારે પોતાના જાહેર ખર્ચના કાર્યક્રમોનું અમલીકરણ ખૂબ જ સંયમપૂર્વક કરવું જોઈએ. આ સિદ્ધાંતનું હાર્દ એ છે કે સરકાર દ્વારા જે ખર્ચાઓ કરવામાં આવે છે, તે પૈકી મોટાભાગની આવક લોકો ઉપર કર લાદીને મેળવવામાં આવી હોય છે. જેથી તેનો ઉપયોગ વાજબી હેતુઓ પાછળ જ થવો જોઈએ. નાણાકીય સાધનોનો બગાડ કે દુર્વ્યય ના થવો જોઈએ. કીમતી અને મર્યાદિત સાધનોના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જ ઈષ્ટતમ ઉત્પાદન પ્રાપ્ત થઈ શકે છે.

(ક) સંમતિનો સિદ્ધાંત :-

લોકશાહી શાસન પ્રણાલી ધરાવતા રાજ્યમાં આ સિદ્ધાંતની ખૂબ જ અગત્યતા અને આવશ્યકતા હોવાનું મનાય છે. યોગ્ય રીતે નિમાયેલા અને યોગ્ય સત્તા ધરાવતા અધિકારીઓએ મંજૂર ના કર્યો હોય એવો કોઈપણ ખર્ચ લોકશાહીમાં જાહેર સત્તા દ્વારા ન થવો જોઈએ. દરેક સરકારી વિભાગો દ્વારા કેટલોક ખર્ચ કરવાનો છે તે અગાઉથી નિશ્ચિત અને મંજૂર થયેલો હોવો ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત, જે રકમ જે હેતુ માટે મંજૂર કરવામાં આવેલી હોય તે હેતુ માટે જ વપરાવી જોઈએ. જોકે, કેટલાક વિભાગોને અમુક પ્રમાણમાં જાહેર ખર્ચ કરવાની સ્વતંત્રતા પણ આપવામાં આવેલી હોય છે.

(ડ) ઉત્પાદકતાનો સિદ્ધાંત :-

આ સિદ્ધાંત દ્વારા એવું સૂચવવામાં આવે છે કે, સરકાર દ્વારા કરવામાં આવતો ખર્ચ ઉત્પાદક પણ હોવો જોઈએ. અહીં ઉત્પાદકતાનો અર્થ આર્થિક દૃષ્ટિકોણથી કરવામાં આવે છે. આ સિદ્ધાંત પ્રમાણે સરકારનો જાહેર ખર્ચ એવી રીતે થવો જોઈએ કે જેથી દેશમાં ઉત્પાદન અને વહેંચણી પર તેની અવળી અસરો ન જન્મે અને સાથે સાથે ઉત્પાદન મહત્તમ થાય. કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે આ સિદ્ધાંત ને તટસ્થતાનો સિદ્ધાંત પણ કહી શકાય. એટલે કે, જાહેર ખર્ચ એવી રીતે થવો જોઈએ કે, જેથી દેશમાં ઉત્પાદન અને વહેંચણી પર કોઈ આડ અસર ઊભી ન થાય.

(ઈ) સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત :-

જાહેર ખર્ચનો આ સિદ્ધાંત એવું પ્રતિપાદિત કરે છે કે, સરકારના જાહેર ખર્ચનું પ્રમાણ અને સ્વરૂપ સ્થિતિસ્થાપક હોવું જોઈએ. પરિસ્થિતિને અનુલક્ષીને તેમાં ફેરફાર થઈ શકવા જોઈએ. કેટલીકવાર અર્થતંત્રમાં આવતી મુશ્કેલીઓ જેવી કે, મંદી, યુદ્ધ, કુદરતી આફતો વગેરેનો સામનો કરવા માટે સરકારે મોટા પાયા પર ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં સરકાર પોતાના જાહેર ખર્ચમાં વધારો કરી શકતી હોવી જોઈએ. વ્યાપારચક્રને પરિણામે ઉદ્ભવતી મંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવા માટે અસરકારક માંગમાં વધારો કરવાની

આવશ્યકતા ઊભી થાય છે. આવા સંજોગોમાં સરકારને જાહેર ખર્ચમાં મોટા પાયા પર વધારો કરવાની જરૂર પડે છે. આથી વિરુદ્ધ તેજીના સમયમાં ખર્ચમાં ઘટાડો કરવાની જરૂરિયાત ઊભી થતી હોવાથી, સરકારે કેટલાક ખર્ચાઓમાં કાપ મૂકવાની આવશ્યકતા ઊભી થાય છે. આથી ખર્ચના આ સિદ્ધાંત પ્રમાણે જાહેર ખર્ચમાં અમુક ભાગ એવો હોવો જોઈએ કે જેમાં વધઘટ કરી શકાય.

(ફ) પુરાંતનો સિદ્ધાંત :-

આ સિદ્ધાંત અનુસાર સરકારની આવક તેના ખર્ચ કરતાં હંમેશાં વધારે હોવી જોઈએ. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આ સિદ્ધાંત ને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આ સિદ્ધાંત એવી માન્યતા પર રચાયેલો છે કે સરકારે પોતાનો ખર્ચ પોતાની આવક જેટલો જ અથવા બની શકે તો તેનાથી પણ ઓછો રાખવો જોઈએ. આ સરકારે પોતાના ચાલુ ખર્ચને પહોંચી વળવા મહેસૂલી આવક પર જ આધાર રાખવો જોઈએ. જાહેર લોન વગેરેનો ઉપયોગ બને ત્યાં સુધી ના કરવો જોઈએ. આ સિદ્ધાંતનું પાલન કરવાથી સરકારની નાણાકીય સધ્ધરતામાં લોકોને વિશ્વાસ પેદા થાય છે. જોકે, આધુનિક અર્થશાસ્ત્રીઓ આ સિદ્ધાંતનો અસ્વીકાર કરતાં જણાવે છે કે, સરકાર દ્વારા પુરાંતયુક્ત બજેટની નીતિ અપનાવવામાં આવશે તો કલ્યાણ રાજ્યના આદર્શને પ્રાપ્ત કરવામાં મુશ્કેલી ઊભી થશે.

અહીં આપણે જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરી. ઉપરોક્ત બધા જ સિદ્ધાંતો એકસરખું મહત્ત્વ ધરાવતા નથી.

## 3.5 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે જાહેર ખર્ચનાં વિવિધ પાસાંઓ વિષે જાણવાનો પ્રયાસ કર્યો. તેના પરથી ફલિત થાય છે કે વર્તમાન સમયમાં દરેક દેશની સરકારે કલ્યાણ રાજ્યની વિભાવનાનો સ્વીકાર કર્યો છે. તેથી તેને અમલમાં મૂકવા માટે 20મી સદીના આરંભે સરકારે તેના જાહેર ખર્ચમાં ખૂબ જ વધારો કર્યો છે અને આજે 21મી સદીમાં તેનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું છે. અહીં જાહેર ખર્ચમાં વધારો કરતી વખતે સરકારે એક વાતને ખાસ ખ્યાલમાં રાખવી પડે છે કે જાહેર ખર્ચના વધારો સાથે લોકોના કલ્યાણમાં વધારો થવો જોઈએ.

## 3.6 ચાવીરૂપ શબ્દો :

(1) જાહેર ખર્ચ:- નાગરિકોના રક્ષણ માટે તથા તેમના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે જાહેર સંસ્થાઓ દ્વારા કરવામાં આવતો ખર્ચ. જાહેર સંસ્થાઓમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

(2) મૂડી ખર્ચ :- મૂડી ખર્ચ એ એક વર્ષથી વધુ સમયથી (સામાન્ય રીતે એકાઉન્ટિંગ સમયગાળો એક વર્ષ માટે) ખર્ચનો ફાયદો મેળવવાના હેતુ સાથે કરવામાં આવેલા ખર્ચ છે. ઉદાહરણ તરીકે, લાંબા ગાળાની અસ્કયામતો જેવી કે મશીનરી, પ્લાન્ટ્સ, ઈમારતો વગેરે પર ખર્ચવામાં આવેલી રકમ, ક્યાં તો સુધારો કરવા અથવા મેળવવા માટે, મૂડી ખર્ચ છે.

(3) (1) સંમતિ : સમાન મત હોવાની સ્થિતિ, મળતો વિચાર હોવો એ (2) અનુમતિ, અનુમોદન, ટેકો. (3) મત, અભિપ્રાય.

(4) પુરાંત : દરરોજના કે માસિક હિસાબનાં બેઉ ખાતાં મંડાઈ ગયા પછી જમા ખાતા પર રહેતી સિલક, જણસ બાકી, તારણ, 'બેલેન્સ'

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) સવિસ્તાર પ્રશ્નો :-

(1) જાહેરખર્ચનો અર્થ આપી, જાહેરખર્ચનું વર્ગીકરણ સમજાવો.

(2) જાહેરખર્ચ એટલે શું ? જાહેરખર્ચના વિવિધ સિદ્ધાંતો જણાવો.

(ખ) હેતુલક્ષી પ્રશ્નો (સાચા વિકલ્પની પસંદગી કરો)

(A) 19મી સદીના રાજ્યો ક્યાં નામે ઓળખાતા હતા ?

(1) પોલીસ રાજ્યો (2) કલ્યાણ રાજ્યો

(3) આર્થિક રાજ્યો (4) સામાજિક રાજ્યો

(B) મંદી દરમિયાન જાહેર ખર્ચમાં શું થાય છે ?

(1) ઘટાડો (2) વધારો

(3) સ્થિર રહે છે (4) કંઈજ નહી

(C) સંરક્ષણ, કાયદો, વ્યવસ્થા, વ્યાજ ચૂકવણી, પાછલા ખર્ચનો સમાવેશ ક્યાં પ્રકારના ખર્ચમાં કરવામાં આવે છે ?

(1) વિકાસ ખર્ચ (2) મહેસૂલી ખર્ચ

(3) મૂડી ખર્ચ (4) નાગરિક ખર્ચ

(D) ખેતી વિકાસ ખર્ચનો સમાવેશ ક્યાં પ્રકારના ખર્ચમાં કરવામાં આવે છે ?

(1) મૂડી ખર્ચ (2) મહેસૂલી ખર્ચ

(3) બિનવિકાસ ખર્ચ (3) સામાન્ય લાભનો ખર્ચ

(E) જે જાહેર ખર્ચનો લાભ સમાજની દરેક વ્યક્તિને પ્રાપ્ત થાય તેને ક્યાં પ્રકારનો ખર્ચ કહે છે ?

(1) વિશિષ્ટ લાભનો ખર્ચ (2) નાગરિક ખર્ચ

(3) સામાન્ય લાભનો ખર્ચ (3) ઉત્પાદન ખર્ચ

(F) સરકારે તેનો જાહેર ખર્ચ કેવી રીતે કરવું જોઈએ ?

(1) લોકોને મહત્તમ સામાજિક લાભ પ્રાપ્ત થાય એવી રીતે

(2) લોકોને ઓછો લાભ પ્રાપ્ત થાય એવી રીતે

(3) ગરીબ લોકોને ફાયદો થાય એવી રીતે

(4) સરકારને જ લાભ થાય એવી રીતે

(G) પુરાંતવાળું અંદાજપત્ર એટલે કેવું અંદાજપત્ર ?

(1) જેમાં સરકારની આવક કરતાં ખર્ચ વધારે હોય

(2) જેમાં સરકારની આવક કરતાં ખર્ચ ઓછું હોય

(3) જેમાં સરકારની આવક અને ખર્ચ બંને સરખા હોય

(4) ઉપરમાંથી એકેય નહી

(H) જાહેર ખર્ચનો સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત શું કહે છે ?

(1) સરકારનો ખર્ચ સંજોગો અનુસાર ફેરફારક્ષમ ના હોવું જોઈએ

(2) સરકારનો ખર્ચ સંજોગો અનુસાર ફેરફારક્ષમ હોવો જોઈએ

(3) સરકારને ખર્ચ સ્થિર હોવું જોઈએ.

(4) ઉપરમાંથી એકેય નહીં

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :


(1) Burstein, M. L. (1963) Money (Cambridge, Mass.: Schenkman).

(2) Crowther, G., An outline of Money

(3) Dalton, H. 2013, (2003), Principles of Public Finance, (1st Edi.,) Routledge, London.

(4) Halm, G.N., (1948), Monetary Theory, Literary Licensing, LLC

(5) Lerner, A. P. (1952) 'The Essential Properties of Interted and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mil, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London.: Longmans, Green

(7) Milton Briggs & Perly Jordan, (1935), Texbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K., (2015). Indian Economy. Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-Hill

(11) Robertson, D.H. (1948) Money. London: Pitman.

(12) Thoman, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press; First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol. 2 (Money) (London: Geroge Routledge) - English translation, edited and introduced by Lionel Robbins


⇨ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર :

(A) - 1 (B) - 2 (C) - 2 (D) - 1 (E) - 3 (F) - 1

(G) - 2 (H) - 2

*** *** ***